જાહેરાત, પ્રેસનોટ તેમજ અખબાર
મેળવવા માટે સંપર્ક કરો
સમગ્ર ગુજરાતમાં
પત્રકારો તેમજ
પ્રેસ પ્રતિનિધિઓ
નિમવાના છે.
સુરત :- ૧૬૧, શિવઓમનગર, મેરૂ
લક્ષ્મી મંદિર રોડ, તાડવાડી, રાંદેર
મો. ૭૫૭૪૮ ૮૮૮૬૧

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર

E-PAPER

● તંત્રી : ધનંજય ઝવેરી ● બ્યૂરો ચીફ : રવિ પટેલ

વિ. સં. ૨૦૭૫ । બુધવાર । તા. ૨૭-૩-૨૦૧૯ । વર્ષ : ૧૫ । પાના : ૧૬ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

માલિક-મુદ્રક-પ્રકાશક-તંત્રી : ધનંજય ઉમેશચંદ્ર ઝવેરીએ Maruti Printers, 13, Pritam Soc.-1, Nr. Kasak Fuwara, Bharuch ખાતે છાપાવી જંગ-એ-ગુજરાત કાર્યાલય - ૧૩, પ્રિતમનગર સોસાયટી-૧, કસક, ભરૂચ-૨ ખાતેથી પ્રસિદ્ધ કર્યું. Registered under R.N.I. NO. GUJGUJ/2004/15636 Permitted to Post at BHARUCH RMS on Date 10, 17, 24, 31 Every Month Under Postal Registration No. : L1/BCH-57/16-18, Valid up to 31-12-2018, Mob. : 99047 33000, 75750 06850, E-mail : jung_e_gujarat@yahoo.com (ન્યાયક્ષેત્ર ભરૂચ કોર્ટને આધિન)

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષએ કહ્યું કે મોદી અમીરોને પૈસા આપે છે જ્યારે કોંગ્રેસ ગરીબોને...

લઘુતમ આવક યોજના ગરીબી પર 'સર્જિકલ સ્ટ્રાઈક' સમાન : રાહુલ ગાંધી

રાહુલે કહ્યું કે આસમાન ફાટી જાય તો પણ અમે કામ કરીને દેખાડીશું

સુરતગઢ-જયપુર

સોમવારે દિલ્હીમાં મળેલી કોંગ્રેસની વર્કિંગ કમિટીની બેઠક બાદ કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ રાહુલ ગાંધીએ જાહેર કર્યુ હતું કે જો કોંગ્રેસ સત્તામાં આવશે તો દેશના ગરીબોને દર મહિને રૂપિયા ૬,૦૦૦ સહાય આપવામાં આવશે. રાજસ્થાના સુરતગઢ ખાતે એક ચૂંટણી સભાને સંબોધતા રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે ગરીબોને મહિને રૂપિયા ૬,૦૦૦ની સહાય એ ગરીબી પર 'સર્જિકલ સ્ટ્રાઇક' છે.

રાહુલે કહ્યું, 'આ ધમાકો છે, વિશ્વમાં અગાઉ આવું કોઈ પણ દેશે નથી કર્યુ, અમે ગરીબી હટાવીશું. આ દેશમાં એક પણ વ્યક્તિ ગરીબ નહીં રહે. અમારો પક્ષ પાછલા છ મહિનાથી સતત આ યોજના પર કામ કરી રહ્યો હતો. જો નરેન્દ્ર મોદી અમીરોને પૈસા આપી શકતા હોય તો કોંગ્રેસ આ દેશના ગરીબોને સહાય કરી શકે છે. ''

સત્તાધારી ભાજપે રાહુલ ગાંધીની યોજનાને ગરીબી હટાવોના નામે રાજકીય ધંધો ગણાવ્યો છે. સોમવારે નાણા મંત્રી અરૂણ જેટલીએ જણાવ્યું હતું કે કોંગ્રેસ દાયકાઓથી ગરીબી હટાવોના નામે ધંધો કરતી આવી છે, કોંગ્રેસનું વર્ષ ૧૯૭૧માં મુખ્ય સુત્ર જ ગરીબી હટાવો હતું પરંતુ ઉલ્ટાનું તેમના રાજમાં ગરીબી વધી હતી. તેમણે કહ્યું કે, અમે દેશમાં ગરીબી મીટાવવાનું કામ કરીશું, નરેન્દ્ર મોદીની સરકારે ગરીબોને મીટાવવાનું કામ કર્યું છે. સમગ્ર હિંદુસ્તાનમાં ન્યાય થશે, કંઇ પણ થઇ જાય, આસમાન ફાટી જાય, કોઇ ફરક નથી પડતો. અમે કામ કરીને દેખાડીશું.



કોંગ્રેસે જાહેર કર્યુ છે કે તેમની મિનિમમ ઇનકમ ગેરેન્ટી યોજનાનો લાભ દેશના ૨૦ ટકા ગરીબોને મળશે. આ યોજનાથી દેશના ૨૫ કરોડ ગરીબોને દર વર્ષે ૭૨,૦૦૦ રૂપિયાની સહાયતા કોંગ્રેસની સરકાર કરશે.

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ જનસભા રેલીને સંબોધતા વડાપ્રધાન મોદી પર પ્રહારો કર્યા હતા. રાહુલ ગાંધીએ કહ્યું કે, નરેન્દ્ર મોદી કહે છે કે ના, હું રોજગાર નહીં આપુ, ૧૫ લાખ રૂપિયા પણ નહીં આપુ, ખેડૂતોના દેવા પણ માફ નહીં કરું, તેમજ જે માતાઓ અને બહેનોએ ઘરમાં પૈસા બચાવીને રાખ્યા હતા તે બધાના ઘરમાંથી અને ખિસ્સાઓમાંથી બધું જ છીનવીને નીરવ મોદીને આપી દઈશ.'

રાહુલ ગાંધીએ કહ્યું કે, આવનારી લોકસભા ચૂંટણી બે અલગ-અલગ વિચારધારાઓ ધરાવતા પક્ષો વચ્ચેની લડાઈ છે. આ સાથે જ રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર નોટબંધી દ્વારા કાળાનાણાં ધરાવતા લોકોની મદદ કરવાનો આરોપ પણ લગાવ્યો. સૂરતગઢમાં પાર્ટીની જનસંકલ્પ રેલીને સંબોધતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન મોદી પર આરોપ લગાવ્યા કે, 'વડાપ્રધાન મોદી ભારતના ભાગલા પાડવાની કોશિશ કરી રહ્યા છે. જેમાં અડધું ભારત ધનીકોનું અને બીજું અડધું ભારત ગરીબોનું હશે, પરંતુ કોંગ્રેસ આવું ક્યારેય પણ નહીં થવા દે.'

રાહુલ ગાંધીએ કહ્યું કે, 'રાષ્ટ્રધ્વજ એક છે તો દેશ પણ એક જ રહેશે. અમે ભારતને બે વિભાગમાં વહેંચવા નહીં દઈએ.' કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આરોપ લગાવતા કહ્યું કે, મોદીએ નોટબંધી લાવીને કાળુંનાણું ધરાવતા લોકોની મદદ કરી છે. તેમણે કહ્યું કે, કોંગ્રેસ કેન્દ્રમાં સત્તા બનાવશે કે તરત જ દેશના ૨૦ ટકા ગરીબ પરિવારોની લઘુત્તમ માસિક આવક ૧૨૦૦૦ રૂપિયા નક્કી કરી દેશે. તેના માટે કોંગ્રેસ ૨૦ ટકા ગરીબ પરિવારોના ખાતામાં દર વર્ષે ૭૨ હજાર રૂપિયા મુકશે.

દાદીએ અમીરોને ગરીબ બનાવ્યાં, પૌત્રનો ૭૨૦૦૦ રૂ. આપવાનું કહી જનતા સાથે દગોઃ જેટલી

ન્યુ દિલ્હી

રાહુલ ગાંધી બોલી ગયા કે ગરીબોને અમારી પાર્ટી વર્ષે ૭૨૦૦૦ આપશે. ત્યારથી જ ભાજપા નેતાઓનાં આવેદવો આવવાનું શરૂ થયુ છે. એમા અરૂણ જેટલીનો પણ સમાવેશ થાય છે. ગરીબોને ૭૨ હજાર રૂપિયા વાર્ષિક ધોરણે આપવાના વાયદા પર નાણાપ્રધાન અરુણ જેટલીએ પ્રતિક્રિયા આપતા કહ્યું કે કોંગ્રેસે દર વખતે યોજનાઓના નામે લોકો સાથે કપટ અને દગો કર્યો છે. આગળ બોલ્યાં કે કોંગ્રેસનો ઇતિહાસ ગરીબી હટાવવાના નામે માત્ર રાજનીતિક વ્યવસાય કરવાનો રહ્યો છે. કોંગ્રેસે લોકોની ગરીબી દૂર કરવા માટે ક્યારે તેમને સંસાધન આપ્યા નથી. માત્રને માત્ર દગો જ કર્યો છે.

જેટલી આટલેથી ન અટકતા આગળ કહ્યું કે, 'ઈન્દિરા ગાંધીએ ૧૯૭૧માં ગરીબી હટાવવાના નામે ચૂંટણી જીતી હતી. પરંતુ ગરીબી હટાવવા માટે શું કર્યું? તેમને અર્થવ્યવસ્થાને સુધારવાના નામે કોઈ કામ જ નથી કર્યું. તેમને માત્ર ગરીબીમાં વધારો કર્યો છે. નીચલા સ્તરના લોકોને ઉપર લાવવા માટે કોઈ કામ કર્યું નહોતું. પરંતુ હાં, ઉપરના લોકોને નીચે લાવી ગરીબી વિતરણનું કામ કર્યું હતું.'

આ સિવાય જેટલીએ મનરેગા વિશે પણ બે બોલ કહ્યાં કે મનરેગામાં વાર્ષિક ધોરણે ૪૦ હજાર કરોડ રૂપિયા ખર્ચ કરવાનો વાયદો હતો અને ખર્ચ થતા હતા ૨૮ હજાર કરોડ. એમાં પણ મૂડી કેન્દ્રથી રાજ્ય અને રાજ્યથી જિલ્લા અને અન્ય કેટલાક લિંક્સથી પસાર થઈને જતી હતી. આના પરથી અંદાજો લગાવી શકાય છે કે ગરીબને કેટલા રૂપિયા મળતા હશે. અને હવે એ જ પાર્ટી ગરીબોને લલચાવવા માટે પોકળ વાયદાઓ કરવા માટે આવી છે.

'અડવાણી-જોશીની ટિકિટ કાપીને ભાજપે વૃદ્ધોનું અપમાન કર્યું': કેજરીવાલ

ન્યુ દિલ્હી

લોકસભા ચૂંટણી ૨૦૧૯ માટે રાજકીય પાર્ટીઓ એક-બીજા પર પ્રહારો કરતા રહે છે. દરેક રાજકીય પાર્ટીઓએ પોતાના ઉમેદવારોની યાદી જાહેર કરી દીધી છે. જેમ-જેમ ઉમેદવારોના નામ જાહેર થતા જ રાજકીય પાર્ટીઓનું વાતાવરણ ગરમ થઈ રહ્યું છે. ભાજપે જે ઉમેદવારોની યાદી જાહેર કરી છે તેમાં દિગ્ગજ ઉમેદવારનોની બાદબાકી કરી દેવાઈ છે. બાદબાકી થયેલ ચહેરાઓમાં માર્ગદર્શક મંડળના સભ્ય લાલકૃષ્ણ અડવાણી અને મુરલી મનોહર જોશીનું નામ પણ સામેલ છે. આ મુદ્દા પર હવે વિરોધી પાર્ટીઓએ ભાજપ પર હુમલો કરવાનું શરૂ કરી દીધું છે. દિલ્હીના મુખ્યમંત્રી અને આપના સંસ્થાપક અરવિંદ કેજરીવાલે ભાજપ સરકાર પર પ્રહાર કર્યા છે. અરવિંદ કેજરીવાલે ટ્વીટ કરીને કહ્યું કે, લાલકૃષ્ણ અડવાણી અને મુરલી મનોહર જોશીને ટિકિટ નહીં આપીને ભાજપે વૃદ્ધોનું અપમાન કર્યું છે. આ હિંદુ સંસ્કૃતિ નથી. હિંદુ ધર્મ આપણને આપણા વૃદ્ધોનું માન-સમ્માન આપવાનું શિખવે છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે કહ્યું કે, તેમની સરકાર દિલ્હીના વિકાસ માટે સતત પ્રયત્નો કર્યા છે. પરંતુ નરેન્દ્ર મોદીની આગેવાનીવાળી સરકાર હંમેશા રસ્તામાં રોડા નાખતી રહે છે. સીસીટીવીનું ઉદાહરણ આપતા કહ્યું કે, તમે જોયું હશે કે છેલ્લા ચાર વર્ષોથી સતત આપ સરકાર સીસીટીવી માટે કોશિશ કરી રહી છે. એ વાત અલગ છે કે, છેલ્લા ચાર વર્ષોથી કંઈ થયું નથી.

જયાપ્રદા ભાજપમાં સામેલ : હવે આઝમની સામે મેદાનમાં ઉતરશે

નવી દિલ્હી

ઉત્તરપ્રદેશની રાજનીતિમાં ઝડપથી ફેરફારો થઈ રહ્યા છે. બોલીવુડની લોકપ્રિય અભિનેત્રી જયા પ્રદા આજે વિધિવતરીતે ભારતીય જનતા પાર્ટીમાં સામેલ થઈ ગઈ હતી. આની સાથે જ છેલ્લા કેટલાક દિવસથી ચાલી રહેલી અટકળોનો અંત આવ્યો હતો. જયાપ્રદાને રામપુરમાંથી વર્ષ ૨૦૦૪માં સમાજવાદી પાર્ટીમાંથી કોંગ્રેસની બેગમનૂર બાનૂની સામે મેદાનમાં ઉતારવામાં આવી હતી. સાથે સાથે અહીંથી જયાપ્રદાએ જીત પણ મેળવી હતી. ભાજપમાં સામેલ થયા બાદ પોતાની પ્રતિક્રિયા આપતા કહ્યું હતું કે, એમને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં કામ કરવાની તક મળી રહી છે જે તેમના માટે સૌભાગ્યની બાબત છે. પોતાના જીવનના દરેક પળને સમર્પિત કરીને ભાજપ માટે કામ કરવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. સમાજવાદી પાર્ટીમાંથી આઝમ ખાન રામપુરમાંથી ચૂંટણી લડી રહ્યા છે. જયા પ્રદા ભાજપમાં સામેલ થતા પાર્ટીને મોટી રાહત થઈ છે. હવે પાર્ટી જયા પ્રદાને સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજવાદી પાર્ટીના ઉમેદવાર આઝમ ખાનની સામે ચૂંટણી મેદાનમાં ઉતરનાર છે. આ અંગેની જાહેરાત સત્તાવાર રીતે હવે કરવામા આવનાર છે. રામપુરમાંથી આઝમ ખાનની સામે જયા ઉમેદવાર રહેનાર છે. રાજકીય પંડિતોના કહેવા મુજબ જો જયા પ્રદાને ભાજપ મેદાનમાં ઉતારે છે તો સ્પર્ધા રોમાંચક બની શકે છે. પોતાના સમયની લોકપ્રિય અભિનેત્રી જયા પ્રદાનુ અસલી નામ લલિતા રાની છે. ફિલ્મોમાં આવ્યા બાદ તે લલિતા રાનીથી જયા પ્રદા બની ગઇ હતી. ત્રીજી એપ્રિલ ૧૯૬૨ના દિવસે જન્મેલી જયા પ્રદા લાંબા સમયથી રાજનીતિમાં રહી છે.

મહાગઠબંધનના શકુની મામા એટલે શરદ પવાર: પૂનમ મહાજન

મુંબઈ

ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. જ્યારે બે રાજકીય પક્ષો વચ્ચે વિચારધારાનો ગમે તેટલો તફાવત હોય કે ગળાકાપ હરીફાઈ હોય, પરંતુ એકબીજાની ટીકા કરતી વખતે ભાષા પણ નિયંત્રણ રાખવું બહુ જરૂરી છે. ભાજપની યુવા પાંખનાં રાષ્ટ્રીય અધ્યક્ષ અને મુંબઈની સાંસદ પૂનમ મહાજને આ નિયંત્રણ ગુમાવ્યું હતું અને ટીકાનો ભોગ બની હતી. પૂનમે એનસીપી ચીફ શરદ પવારની તુલના શકુનીમામા સાથે કરી હતી. સમગ્ર અહેવાલ પર નજર કરીએ તો, રાજ્યની ૨૬ લોકસભાની બેઠકો ગત ચૂંટણીમાં કબ્જે કર્યા બાદ આવેલી ૨૦૧૯ની ચૂંટણીમાં પણ ભાજપ ચૂંટણી જીતવાનો દાવો કરી ચુકી છે. ત્યારે આ વખતની ચૂંટણી વિજય કરતા જંગી બહુમતી સાથે ચૂંટણી જીતવાનો મક્કમ નીર્ધાર કરીને ભાજપાએ વિજય સંકલ્પ સંમેલન નવસારીના બીઆર ફાર્મથી શરુ કર્યું છે.





મોરબીમાં માસૂમની નિર્મમ હત્યા કરી સળગાવી દેનાર માસા સહિતના બે ઝડપાયા



સાઢુભાઈને પત્ની સાથે આડાસંબંધમાં લેવાયો બાળકનો ભોગ

મૃતક હિતેશના પિતા અશોકભાઈ ચાવડાને શકમંદની પત્ની સોનલબેન સાથે આડાસંબંધ હોવાની શંકા હોય તેમજ તેની પત્ની હિતેશ ચાવડા પ્રત્યે ખુબ પ્રેમ દેખાડતી હોય અને તેના બહાને તેની પત્ની અશોક ચાવડાને મળવા જતી હોય જેને પગલે ગઈકાલે નાસ્તો લેવા હિતેશ ઘર બહાર નીકળ્યો ત્યારે મોટરસાયકલમાં અપહરણ કરી લઈ ગયો હતો અને બાદમાં ગળું દબાવી હત્યા કરી હતી તેમજ બાદમાં મૃતદેહ સળગાવી નાખીને પુરાવાનો નાશ કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો

માત્ર બાળકની જ નહિ પરંતુ સંબંધોની પણ હત્યા

મોરબીમાં સતવારા મધ્યમવર્ગીય પરિવારમાં આડાસંબંધે માસૂમનો ભોગ લીધો છે સાઢુભાઈને તેની સાળી સાથેના આડાસંબંધ હોવાની શંકાએ સાઢુભાઈએ તેના ૧૧ વર્ષના ભાણેજની હત્યા કરી નાખી છે જેને પગલે માત્ર બાળક જ નહિ પરંતુ સંબંધોની પણ હત્યાથી સમગ્ર પંથકમાં ચકચાર મચી છે

બાઈકમાં અપહરણ કરી લઈ ગયા બાદ હત્યા કરી બાળકના મૃતદેહને સળગાવ્યો, બંને આરોપી ઝડપાયા

મોરબીમાં રવિવારે સાંજે ગુમ થયેલ બાળકના પિતાએ પુત્રના અપહરણની પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી જોકે પોલીસ અપહૃત બાળકનો પત્તો મેળવી સકે તે પૂર્વે આજે ઘુનડા નજીકથી બાળકનો સળગાવી દીધેલા મૃતદેહના અવશેષો મળી આવ્યા અને બાળકની હત્યા અન્ય કોઈએ નહિ પરંતુ તેના માસા દ્વારા કરવામાં આવી હોવાનો ચોકાવનારો ઘટસ્ફોટ થયો છે

મોરબીના પાનેલી ગ્રામ પંચાયત નજીકના રહેવાસી અશોકભાઈ ચાવડાએ તેના બાળકના અપહરણ અંગે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી જેમાં શકદાર હાર્દિક ઘનશ્યામ ચાવડાએ તેના પુત્રનું અપહરણ કર્યાની આશંકા વ્યક્ત કરી હતી ફરિયાદીનો પુત્ર હિતેશ ચાવડા મોરબીના વજેપરમાં તેના મામાના ઘરે રહેતો હોય અને ૧૧ વર્ષનો હિતેશ ધોરણ ૫ માં અભ્યાસ કરતો હતો જે રવિવારે સાંજે વજેપર શેરી નં ૧૧ નજીકથી નાસ્તો કરવાનું કહીને ગયા બાદ પરત ફર્યો ના હતો જે ફરિયાદને પગલે શકમંદ બાળકના માસા હાર્દિક ચાવડાને એ ડીવીઝન પોલીસ મથકે આકરી પૂછપરછ કરતા ભાંગી પડ્યો હતો અને સજ્જનપર ઘુનડા રોડ પર તેને બાળકની હત્યા કરી મૃતદેહ સળગાવી નાખ્યો હોવાની કબુલાત આપી હતી અને સ્થળ પર તપાસ કરતા સળગાવી દીધેલા મૃતદેહના અવશેષો મળી આવ્યા હતા જેને રાજકોટ ફોરેન્સિક પીએમ માટે ખસેડવામાં આવ્યા છે ઘટનાસ્થળે ડીવાયએસપી, એ ડીવીઝન પોલીસની ટીમ દોડી ગઈ હતી અને વધુ તપાસ ચલાવી હતી અને બાળકની હત્યાના આરોપી માસા હાર્દિક ચાવડા અને તેના ભાઈ વિજય ચાવડાએ બંનેને ઝડપી લઈને વધુ પૂછપરછ ચલાવી છે

કટોસણ ગામેથી ઈંગ્લીશ દારૂની બોટલ નંગ-૯૦ કિ.રૂ-૩૬૦૦૦/ નો મુદ્દામાલ પકડી કાયદેસરની કાર્યવાહી કરતી સાંથલ પોલીસ



પોલીસ અધિક્ષક મહેસાણાનાઓની સુચનાથી આગામી દીવસોમાં લોકસભાની ચુંટણી યોજાનાર છે જે ચુંટણી શાંતીપુર્ણ વાતાવરણ માં યોજાય તે સારૂ પો.સ્ટે વિસ્તારમાં ચાલતી દારૂ તથા જુગાર જેવી અસામાજીક પવૃતિઓ નેસ્તનાબુદ કરવા સારૂ અસરકારક કામગીરી કરવા સુચના કરેલ જે સંદર્ભ ડી.વાય.એસ.પી મહેસાણાના ઓના સીધા માર્ગદર્શન હેઠળ આ દીશામા કાર્યરત થયેલ તે મુજબ પો.સબ ઈન્સ વી.યુ.ગડરીયા સા.ને મળેલ માહીતી આધારે પો.સ.ઈ.આઈ.આર.દેસાઈ તથા સ્ટાફના માણસો સાથે આજરોજ કટોસણ ગામે ટુકડા દરબાર વાસમાં રહેતા ઝાલા મહેન્દ્રસિંહ ઉર્ફે પિન્ટુ જગુભા રઘુભાના ઘરે રેઈડ કરતાં ઘરની બાજુમાં બનાવેલ ખુલ્લા બાથરૂમમાં ગે.કા.વગર પાસ પરમીટનો ભારતીય બનાવટનો પરપ્રાંતીય વિદેશીદારૂ ની બોટલ નંગ-૯૦ કિ,રૂ-૩૬૦૦૦/ નો મુદ્દામાલ મળી આવેલ અને ઝાલા મહેન્દ્રસિંહ ઉર્ફે પિન્ટુ જગુભા રઘુભા રેઈડ દરમ્યાન ઘરે હાજર મળી આવેલ ન હોઈ આ અંગે પ્રો.પો.સ.ઈ કે.એમ.ચાવડા નાઓની ધી પ્રોહી એક્ટ કલમ ૬૫એઈ,૧૧૬બી, મુજબ ની ફરીયાદ આધારે સાંથલ પો.સ્ટે. પ્રોહી.ગુ.ર.નં ૬૫/૧૯ મુજબનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી કરેલ.

નવા સાદુળકા ખાતે આવેલી સર્વોપરી સંકુલમાં વાર્ષિકોત્સવ યોજાયો



સાદુળકા ખાતે આવેલી સર્વોપરી સંકુલમાં તારીખ - ૨૩ માર્ચ ૨૦૧૯ શાહિદ દિવસ નિમિત્તે વર્ષીકોત્સવ ×સ્પંદન ૨૦૧૯× યોજાયો હતો. જેમાં ૫૬૧ થી પણ વધુ વિદ્યાર્થીઓ દ્વારા ૨૨ જેટલી અલગ અલગ થીમ પર કૃતિઓ રજૂ કરવામાં આવી હતી. જેમાં દેશભક્તિ થીમ, બેટી બચાવો, શિક્ષા અભિયાન, ગુજરાતી વારસો જેવા વિષયોની ભવ્યાતિભવ્ય રજૂઆત કરવામાં આવી હતી. તેમજ ૬૭ વિદ્યાર્થીઓને શૈક્ષણિક અને ૨૩૭ વિદ્યાર્થીઓ ને રમત ગમત માટે મેડલ્સ રૂપી ઈનામોથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ સ્પંદન ૨૦૧૯ ને ૩૭૦૦ થી પણ વધુ લોકોએ પ્રત્યક્ષ તથા ૩૦૦૦ થી પણ વધુ લોકોએ ફેસબૂક અને યુટ્યુબના માધ્યમથી નિહાળ્યો હતી. આ કાર્યક્રમની ભવ્ય સફળતા પાછળ વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ભારે જહેમત ઉઠાવી હતી તે બદલ સર્વોપરી સંકુલના એમ. ડી. શ્રી દિલીપભાઈ ગઢીયાએ તમામનો ખુબ ખુબ આભાર વ્યક્ત કર્યો હતો.

મોરબીના ઘૂંટૂં ગામની નવોદય વિદ્યાલયમાં બાલ આનંદ મેળો યોજાયો



ઘુંટું ગામમાં આવેલી નવોદય વિદ્યાલય ખાતે ગત તા. ૨૪ ને રવિવારના રોજ બાલ આનંદ મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ધોરણ – ૩ થી ૧૦ ના વિદ્યાર્થીઓએ અલગ અલગ કૃતિ રજુ કરી હતી. આ બાલ આનંદ મેળામાં વેસ્ટ માંથી બેસ્ટ, ઉનનું ગૂંથન, વિજ્ઞાનના પ્રયોગો, ભરત નાટ્યમ, કથક ગરબા જેવા ડાન્સ, ગામડાની સંસ્કૃતિ, તથા સ્ટેચ્યુ ઓફ યુનિટી જેવી ઘણી બધી અલગ અલગ કૃતિઓ બાળકોએ બનાવી હતી.

આ તમામ કૃતિઓની પ્રત્યક્ષ પ્રદર્શની ગોઠવવામાં આવી હતી. આ બાલ આનંદ મેળો ૫૦૦૦ જેટલા લોકોએ નિહાળ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોના જહેમત ઉઠાવી હતી. આ સંપૂર્ણ કાર્યક્રમની સફળતા બદલ સંસ્થાના પ્રમુખ બિપીનબાઈ કાંજીયા, ટ્રસ્ટી પરસોતમભાઈ કેલા, આચાર્ય કિરીટભાઈ સાણજા અને મહેશભાઈ બોપલિયાએ શિક્ષકગણ અને વિદ્યાર્થીઓનો આભાર માન્યો હતો.

મોરબીમાં પાયાના ખદબદતા પ્રશ્નો વચ્ચે ચીફ ઓફિસરનું મીની વેકેશન

તા. ૧૫ થી ૨૬ સુધીનું મીની વેકેશન, કલેકટરને રજૂઆત

મોરબી શહેરમાં ઠેર ઠેર ગંદકીના ગંજ ખડકાયા છે તેમજ ઉભરાતી ગટર સહિતના પ્રશ્નોથી પ્રજા ત્રાહિમામ છે ત્યારે મોરબી નગરપાલિકાના ચીફ ઓફિસર હાજર થયા બાદ તુરંત મીની વેકેશન પર ગયા હોય જેથી શહેર કોંગ્રેસ પ્રમુખ અને નગરપાલિકા પ્રમુખ દ્વારા કલેકટરને રજૂઆત કરવામાં આવી છે

મોરબી શહેર કોંગ્રેસ પ્રમુખ રામજીભાઈ રબારી, પાલિકા પ્રમુખ કેતનભાઈ વિલપરા સહિતના અગ્રણીઓએ જીલ્લા કલેકટરને આવેદન પાઠવ્યું છે જેમાં જણાવ્યું છે કે મોરબી શહેરમાં રોડ રસ્તા, ગટર સફાઈ અને લાઈટ જેવી ગંભીર સમસ્યા છે ત્યારે મોરબી શહેરમાં તાજેતરમાં નિમણુક પામેલ ચીફ ઓફિસર રાવલ તા. ૧૪ માર્ચના રોજ એક દિવસ પૂરતા હાજર થયા અને તા. ૧૫ થી ૨૬ સુધી સળંગ ગેરહાજર રહ્યા છે જેને કારણે શહેરમાં ભયંકર રોગચાળો, સફાઈના અભાવે ઠેર ઠેર ગંદકી કચરાના ઢગલા, અંધારપટ અને પીવાના પાણીની ગંભીર સમસ્યાઓ ઉભી થઈ છે ચીફ ઓફિસરે એકાએક કરાર આધારિત તમામ કર્મીઓને છુટા કરવાનો આદેશ આપતા નવા કરાર કે હંગામી કોન્ટ્રાકટર રાખી પ્રશ્નોની નિરાકરણ ના લાવતા સમસ્યાઓ વકરતા વિકરાળ રૂપ ધારણ કરેલ છે શહેર ગમે ત્યારે નર્કાગારમાં ધકેલાઈ જવાના કારણે ભયંકર રોગચાળો ફાટી નીકળવાની શક્યતા હોય જેથી વહેલી તકે ચીફ ઓફિસર હાજર થાય અને પ્રશ્નોનું સાથે મળીને નિરાકરણ લાવે તેવી વ્યવસ્થા કરવાની માંગ કરી છે.



ચીફ ઓફિસર મામલે રહી રહીને કરાઈ રજૂઆત

મોરબીના ચીફ ઓફિસર હાજર થતા સાથે જ મીની વેકેશન માણવા ગયા હોય જેથી પ્રજાના પ્રશ્નો અધ્ધરતાલ થયા હોય અને પ્રજાહિતમાં કોંગ્રેસે આવેદન આપ્યું હતું જોકે તા. ૧૫ થી ચીફ ઓફિસર રજામાં ગયા બાદ રજા પૂર્ણ થવા આવી ત્યારે છેક કોંગ્રેસને આવેદન આપવાનું યાદ આવ્યું હતું પ્રજાહિતમાં આવેદન વહેલું પણ આપી સકાય તેમ હોવાની ચર્ચા નાગરિકોમાં જોવા મળી છે

ભચાઉના કબરાઉ ગામ નજીક અકસ્માત એકજ કંપનીની ટ્રક અને બસ વચ્ચે અકસ્માત



મોનો સ્ટીલની ઓવર લોડ ટ્રક કામદારોની બસ વચ્ચે અકસ્માત : અકસ્માતમાં ૨૦ થી વધુ લોકો ઈજાગ્રસ્ત ઈજાગ્રસ્તો ને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા

ભચાઉ થી મોનો કંપનીમાં કામદારો ને લઈ જતી બસ અને તેજ કંપની નો ટ્રક વચ્ચે અકસ્માત સર્જાયો હતો ભચાઉ ની વાગડવેલફેર હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે આ હાઈવે ઉપર અનેક વાર મોટા અકસ્માત સર્જાયા છે પણ આબાબતે તંત્ર દ્વારા કોઈ પણ પ્રકારના પગલાં લેવામાં નથી આવતા ૮થી૯ માસ અગાઉ એકજ પરીવારના ૧૦ સભ્યો ને અકસ્માત મા જીવ ગુમાવ્યા હતા ત્યારે જોવા નુ એસેકે હવે તંત્ર દ્વારા સુ કામગીરી હાથ ધરવામાં આવ છે.

ભાનુશાળી હત્યા: રાજકારણીનું નામ ન આપવા છબીલને એક વ્યક્તિ ૫ લાખ આપી ગયો

ભચાઉ

ભાજપના પૂર્વ ધારાસભ્ય જયંતી ભાનુશાળીના હત્યા કેસમાં છબીલ પટેલને ભચાઉ કોર્ટમાં રજૂ કર્યો હતો. પોલીસના અનુસાર તેને એક એસયુવી કારમાં એક વ્યક્તિ ૫ લાખ આપી ગયો હતો. પરંતુ તે કોણ હતો તે અને હત્યામાં સામેલ એક રાજકારણી પણ છે તેના વિશે છબીલ ડરથી કંઈ કહી રહ્યો નથી. રિમાન્ડ પૂરા થતાં ભચાઉ કોર્ટમાં છબીલને હાજર કરાયો હતો. જ્યાં પોલીસે વધારે રિમાન્ડની માગ કરતાં કોર્ટે વધુ ૩ દિવસના રિમાન્ડ આપ્યા હતા અને છબીલને ૨૮મી સુધી રિમાન્ડ પર મોકલ્યો હતો. છબીલનો ઉપયોગ કરીને જયંતીનો કાંટો કાઢવાનું કામ બીજા અન્ય રાજકારણીએ પાડ્યું હોવાનું સૂત્રોનું કહેવું છે. તેણે છબીલને જેલમાં નાંખીને ભાનુશાળીનું પત્તું કાપ્યું હોવાનું કહેવાય છે.

બોટાદ જીલ્લાનાં તુરખા ગામે સી.એસ.સી દ્વારા ડીજીટલ વિલેજ અંતર્ગત માર્ગદર્શન સેમીનાર યોજાયો



જન સુવિધા કેન્દ્ર તુરખા દ્વારા તાજેતરમાં ગ્રામજનોને નાણા રોકાણ જાગૃતતા અને ડીજીટલ વ્યવહાર અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું આ કાર્યક્રમ માં પ્રતિનિધિ તરીકે ભા.ડી.કો. બેંક નાં મુકેશભાઈ સવાણી તથા અનિરુધસિહ ધાધલ અને તુરખા સહકારી મંડળીનાં સહ મંત્રી અસ્વીનભાઈ પટેલ દ્વારા કાર્યક્રમ ને અનુરૂપ માહિતી આપવામાં આવી હતી

આ ઉપરાંત કોમન સર્વિસ સેન્ટર નાં જિલા પ્રબંધક અશોકભાઈ ઉભાડીયા, વિપુલભાઈ દેશાણી તથા જિલ્લા કો. વિજયભાઈ બોરીચા વિશેષ હાજરી આપી સી.એસ.સી દ્વારા આપવામાં આવતી તમામ સેવાઓ જેવી કે આયુંશ્માન ભારત, શ્રમયોગી માનધન પેન્શન યોજના, બેન્કિંગ સેવાઓ,આરોગ્ય ની સેવાઓ વિગેરે ની વિસ્તૃત માહિતી આપી ગ્રામજનોને વધુમાં વધુ લાભ લેવા માટે વિસ્તૃત માર્ગદર્શન પૂરું પાડવામાં આવેલ, આ કાર્યક્રમ માં ડીજીટલ વિલેજ (જન સુવિધા કેન્દ્ર) નાં સંચાલક ચેતનભાઈ પટેલ અને સંજયભાઈ પટેલ દ્વારા આ સપૂર્ણ કાર્યક્રમ નું આયોજન કરી ગામલોકોને ખુબ સારી સેવાઓ મળે એવા પ્રયાન્તો કરવામાં આવ્યા અને બસો (૨૦૦) કરતા વધારે લોકોએ ઉત્સાહભેર હાજરી આપી હતી ડીજીટલ વિલેજ અંતર્ગત સી.એસ.સી દ્વારા ૮ જેટલી સોલાર સંચાલિત સ્ટ્રીટ લાઈટ ગામની જાહેર જગ્યામાં ફિટ કરવામાં આવી છે તથા આવનાર સમયમાં ગામના વિદ્યાર્થીઓને ફ્રી માં કમ્પ્યુટરનું શિક્ષણ પૂરું પાડવામાં આવશે. તથા ગામજનોને ટેલીમેડીસીન, ઈકન્સલ્ટીંગ, પશુ ઈ-ચિકિત્સા જેવી આરોગ્યને લગતી સેવાઓ પણ જન સુવિધા કેન્દ્ર તુરખા માં આપવામાં આવશે.

થોડી નજર ઊંચી કરીને એ શરમાઈ ગઈ જાણે જન્મોજનમના બંધનમાં બંધાઈ ગઈ



સાંજનો સમય છે અને ઘરમાં પરિવારના સભ્યો ભોજન કરવાની તૈયારી કરી રહ્યા છે ત્યારે ઘરની બહાર સંન્યાસી આવીને ભિક્ષા માંગી રહ્યા છે. સંન્યાસીનો અવાજ સાંભળતાની સાથે નાનકડો રોહન પોતાની થાળીમાં પીરસવામાં આવેલું ભોજન લઈ સંન્યાસીને પ્રેમથી જમાડે છે. રોહન ઉંમરમાં નાનો હોવા છતાં સંન્યાસી સાથે ગંભીરતાથી વાતચીત કરી રહ્યો છે અને સંન્યાસીને આગ્રહપૂર્વક ભોજન કરાવી રહ્યો છે. ભોજન કર્યા બાદ સંન્યાસી તૃપ્ત થાય છે અને રોહનને તમામ મનોકામના પૂર્ણ થાય તેવા શુભ આશિષ આપે છે. રોહન તેના માતા પાસેથી થોડા પૈસા લઈ સંન્યાસી મહારાજને યથાશક્તિ પ્રમાણે દક્ષિણા આપે છે. નાનકડા રોહનની સંન્યાસી પ્રત્યેની નિષ્ઠા જોઈ પરિવારના સભ્યો પણ આશ્ચર્યચકિત થઈ જાય છે. સંન્યાસી જ્યારે ઘરેથી વિદાય લે છે તે પછી જ રોહનનો પરિવાર સાથે બેસીને ભોજન ગ્રહણ કરે છે અને જ્યારે રોહનને પૂછવામાં આવે છે કે સંન્યાસીને ભોજન ઉપરાંત દક્ષિણા કેમ આપી હતી ત્યારે રોહન કહે છે કે આ આપણી પરંપરા છે જે મેં ઘરમાં જોયું છે તેનું જ અનુકરણ કર્યું છે. નાનકડા રોહનનો આ જવાબ સાંભળીને પરિવારના સભ્યો પણ ખૂબ જ હરખાઈ જાય છે. નાનપણથી જ રોહન લાડકોડથી ઉછેર્યો છે અને તેની બધી માંગણીઓ પરિવાર દ્વારા પૂરી કરવામાં આવી રહી છે. રોહન પણ પરિવારના લોકોની આજ્ઞાનું પાલન કરી રહ્યો છે અને મન લગાવીને શાળામાં શિક્ષણ મેળવી રહ્યો છે. રોહન ધોરણ ૧૦ સુધી ગામની શાળામાં શિક્ષણ મેળવે છે અને બોર્ડની પરીક્ષામાં ઉત્તમ પરિણામ મેળવી શહેરમાં ઉચ્ચ શિક્ષણ માટે જાય છે. રોહનના ઘરની બાજુમાં ક્રિષ્ના નામની નટખટ યુવતી રહે છે. ક્રિષ્ના અભ્યાસની સાથે થોડી મસ્તી પણ કરી રહી છે. ક્રિષ્ના તેના પરિવારમાં એક જ દીકરી હોવાથી લાડકોડમાં ઉછરી રહી છે. ક્રિષ્ના જ્યારે જીદ કરે ત્યારે પરિવારના સભ્યોએ હંમેશા નમતું જોખવું પડે છે. ક્રિષ્ના પ્રાથમિક શાળાનો અભ્યાસ પૂર્ણ કરી હાઈસ્કૂલમાં શિક્ષણ મેળવી રહી છે અને હોશિયાર હોવાથી શિક્ષકોને લાડલી પણ બની જાય છે.

ગામડામાં રહેતો રોહન શહેરમાં શિક્ષણ મેળવી રહ્યો છે પરંતુ રોહન શહેરની ભાગદોડવાળી જિંદગીનો પ્રભાવ પોતાના પર પડવા દેતો નથી. રોહનને અભ્યાસમાંથી જેવો થોડો અવકાશ મળે કે તરત જ પોતાના ઘરે આવી જાય છે. સમયની સાથે કદમ મિલાવી રોહન ચાલી રહ્યો છે અને ધોરણ૧૨ની બોર્ડની પરીક્ષા પૂર્ણ કરી હવે કોલેજમાં અભ્યાસ કરી રહ્યો છે. તો આ બાજુ ક્રિષ્ના ધોરણ ૧૦ની પરીક્ષા પૂર્ણ કરી આગળનો અભ્યાસ કરી રહી છે. ક્રિષ્નાનું સ્વપ્ન એન્જિનિયર બનવાનું હોવાથી ધોરણ ૧૦ પછી તે ડિપ્લોમા કોર્સમાં પ્રવેશ મેળવે છે. હવે રોહન કોલેજના અભ્યાસમાં વ્યસ્ત બની જાય છે. તો આ બાજુ ક્રિષ્ના એન્જિનિયર બનવાનું પોતાનું સપનું સાકાર કરવા માટે મહેનત કરી રહી છે. ત્રણ-ચાર વર્ષમાં રોહનનો કોલેજનો અભ્યાસ પૂર્ણ થઈ જાય છે અને ક્રિષ્નાનું ડીપ્લોમા એન્જિનિયર બનવાનું સપનું સાકાર થઈ જાય છે. રોહન હવે કોલેજના ઉચ્ચ અભ્યાસની સાથે નોકરી કરવાનું વિચારી રહ્યો છે ત્યારે પરિવારના સભ્યો રોહનને નોકરીના બદલે ફક્ત અભ્યાસમાં ધ્યાન આપવાનું કહે છે. રોહન અનુસ્નાતકનો અભ્યાસ પૂર્ણ કરી ગામમાં પોતાના નાનપણના મિત્ર મહેશના લગ્નમાં આવે છે. મહેશના લગ્ન માટેની મોટાભાગની


તસવીર પ્રતિકાત્મક છે

જવાબદારી રોહન અને તેના મિત્રો ઉપાડી લે છે. મહેશના લગ્નમાં રોહન રાત્રે રાસ ગરબાના કાર્યક્રમમાં ક્રિષ્નાને જુએ છે અને ક્રિષ્ના તરફ આકર્ષાય છે. હવે રોહનનું ધ્યાન રાસ ગરબાના કાર્યક્રમના બદલે ક્રિષ્ના તરફ વધુ છે. રોહન એક જ નજરથી ક્રિષ્ના તરફ જોઈ રહ્યો છે. થોડીવારમાં ક્રિષ્નાને ખબર પડી જાય છે કે રોહન તેની સામે જોઈ રહ્યો છે. રોહન ક્રિષ્નાની પાસે જાય છે ત્યારે ક્રિષ્ના થોડી નજર ઉંચી કરીને રોહનને જોઈને શરમાઈ જાય છે અને રોહન મનોમન ક્રિષ્ના સાથે જન્મોજનમના બંધનમાં બંધાઈ ગયો હોય તેઓ અહલાદક અનુભવ કરે છે. રાસ ગરબાનો કાર્યક્રમ પૂરો થયા પછી રોહન અને ક્રિષ્ના એકબીજાના મોબાઈલ નંબરની આપ-લે કરે છે અને પ્રેમની શરૂઆત સાથે પોતાના ઘરે જવા માટે છુટા પડે છે. રોહન અને ક્રિષ્નાની આ મુલાકાત રાત્રે બંનેને શાંતિથી સુવા દેતી નથી અને આખી રાત પોતાનો મોબાઈલ દ્વારા મેસેજ થી વાત કરી રહ્યા છે. વહેલી સવારમાં બન્ને તૈયાર થઈને ગામના પાદરમાં આવેલા મંદિરમાં સાથે દર્શન કરવા માટે જાય છે અને થોડા સમય માટે પ્રેમથી વાત કરે છે. હવે રોહન અને ક્રિષ્ના સમય મળે ત્યારે મોબાઈલ પર લાંબા સમય સુધી વાતચીત કરી રહ્યા છે. બન્ને પ્રેમમાં કેટલા બધા ગળાડૂબ થઈ જાય છે કે હવે એક ક્ષણ માટે પણ જુદા પડવું બંનેને ગમતું નથી. બન્ને મહત્તમ સમય સાથે વ્યતિત કરવા લાગ્યા છે અને પોતે કાયમ આ રીતે જ સાથે રહી શકે તે માટે લગ્ન કરવાનું વિચારી રહ્યા છે. રોહન અને ક્રિષ્ના બંને સાથે મળીને પોતાના પ્રેમ અંગે પરિવારને જાણ કરવાનું નક્કી કરે છે. પરંતુ ક્રિષ્ના થોડો સંકોચ અનુભવે છે અને થોડી ડરી રહી છે ત્યારે રોહને કહ્યું કે આપણે પ્રેમ કર્યો છે કોઈ પાપ નથી કર્યું. રોહનના સમજાવાને કારણે ક્રિષ્નાની હિંમત વધે છે અને તે ઘરે જઈને રોહન સાથેના પ્રેમ અંગે વાત કરે છે. તો આ બાજુ રોહન પણ પોતાના પરિવારમાં ક્રિષ્ના સાથેના પ્રેમની વાત કરે છે. બંને પરિવારો શરૂઆતમાં તો આ રીતે પ્રેમલગ્નની સ્પષ્ટ ના પાડી દે છે પરંતુ થોડી સમજાવટના કારણે બંને પરિવારો રોહન અને ક્રિષ્ના લગ્ન કરવા માટે રાજી થઈ જાય છે. થોડા મહિનાઓમાં જ ક્રિષ્ના અને રોહનના લગ્નની તિથી નક્કી કરવામાં આવે છે. રોહન અને ક્રિષ્ના લગ્નની ખરીદી કરવા માટે સાથે શહેરમાં જઈ રહ્યા છે અને તેમની સાથે મદદ કરવા માટે મહેશ જોડાયો છે. રોહન અને ક્રિષ્ના જે ખરીદી કરી રહ્યા છે તેનો સામાન મહેશ ઉપાડી રહ્યો છે ત્યારે ક્રિષ્ના મજાકમાં કહે છે કે મહેશ તારા લગ્નના કારણે અમારા લગ્ન થઈ રહ્યા છે તો તારે અમારો સામાન તો ઉપાડવો જ પડશે. મહેશ કહે છે કે મારા લગ્નની તમામ જવાબદારી રોહને ઉપાડી હતી એટલે રોહનના લગ્નની બધી જવાબદારી મારી છે. રોહન અને ક્રિષ્નાના ગામમાં ધામધૂમથી લગ્ન કરવામાં આવે છે. એકબીજાની નજરો મળવાને કારણે શરૂ થયેલો પવિત્ર પ્રેમ આજે જન્મોજનમના બંધનમાં બંધાઈ રહ્યો છે અને સાચા પ્રેમની જીત થઈ રહી છે ત્યારે બંને પરિવારો સહિત સમસ્ત ગામના લોકો પણ હરખાઈ રહ્યા છે. રોહન અને ક્રિષ્નાને પરિવારના સભ્યો વડીલો અને ગામના લોકો આશીર્વાદ આપી રહ્યા છે. આજ સમયે નાનકડા રોહને જે સંન્યાસીને ભિક્ષા આપી હતી એ સંન્યાસી લગ્ન મંડપની બહાર આવીને ઉભા રહે છે અને ભિક્ષાની માંગણી કરી રહ્યા હોય છે ત્યારે અચાનક રોહનની નજરએ બુઢા સંન્યાસી પર પડે છે. રોહન ક્રિષ્નાને લઈને સંન્યાસી પાસે જાય છે અને વંદન કરે છે. રોહન સંન્યાસી મહારાજનો હાથ પકડી મંડપમાં લઈ આવે છે અને જે રીતે નાનપણમાં પ્રેમથી સંન્યાસીને ભોજન કરાવ્યું હતું એ જ પ્રેમ ભાવથી ભોજન કરાવી રહ્યો છે. ભોજન બાદ રોહન લગ્નની ભેટમાં આવેલ પૈસામાંથી સંન્યાસીને મોટી દક્ષીણા આપે છે ત્યારે સંન્યાસી દક્ષિણામાંથી એક રૂપિયો પોતાની પાસે રાખે છે અને બાકીના પૈસા ક્રિષ્નાના હાથમાં આપી દે છે. રોહનના આગ્રહ છતાં સંન્યાસી વધુ દક્ષિણા લેવા માટે તૈયાર થતા નથી. રોહનની સેવાથી સંન્યાસી ખૂબ જ પ્રસન્ન થાય છે અને રોહન ક્રિષ્નાને તમામ મનોકામના પૂર્ણ થાય તેવા આશીર્વાદ આપીને વિદાય લે છે. સંન્યાસીની વિદાય બાદ રોહન અને ક્રિષ્ના ભોજન ગ્રહણ કરે છે. થોડીવારમાં સાંજનો સમય થતાં ક્રિષ્નાને પિયરમાંથી વિદાય આપવામાં આવે છે. ક્રિષ્ના હવે પિયરમાંથી સાસરે આવી ગઈ છે અને રોહનની સાથે ખુશીથી જીવન વ્યતિત કરી રહી છે.

આદિપુર રોટરી ક્લબ દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાયા



આદિપુર રોટરી ક્લબના ચાર્ટર ડે નિમિત્તે પ્રભુ દર્શન હોલ ખાતે વિવિધ સેવા પ્રવુતિઓ થી કાર્યક્રમ યોજાયો જેમાં પ્રોજેકટ ચેરમેનશ્રી હરદેવસિંહ એન જાડેજા એ આવકાર સાથે સમારોહ વક્તા જય વસાવડાનુ તલવાર થી આપી ને સન્માન કરવામાં આવ્યું હતું સંસ્થા પ્રમૂખ સીમાબેન કીપલાણી એ વિવિધ પ્રોજેક્ટની માહિતી આપી હતી સમારોહ મા સરહદ પર ફરજ બજાવતા સૈનિકો પૈકી ૧૮ જવાનો ની પત્નીઓનુ ચાંદીનુ સિક્કા અર્પણ કરી સન્માન કર્યું હતું આ પ્રશંગે બી એસ એફ ના અધિકારી મન્સૂરી અહમદ ખાન હાજર રહ્યા હતા અને સેવા ગીત ની પ્રસૂતિ કરી હતી ગળપાદર ખાતે આવેલી જેલના કેદીઓ વગેરે માટે આધુનિક ટીવી શેઠ જેલ અધિકારીશ્રી જાડેજા સાહેબે શ્રી જેલરને અર્પણ કરી જેમાં સંજય ના વાણી પુનમ વાઘવાણી.સંદિપ શાહ. ધર્મેન્દ્ર પારેખ. યોગદાન આપ્યું હતું મહિલા દિન નિમિત્તે રોટરી ક્લબ આદિપુર દ્વારા વીમા બેન ક્રિપલાની ઈર્ષા મંગાવી. મંજુ કલચાણી. તરફથી શીલાય મશીન અને ૨ વર્ષ બાળકોને શાળા ફી વાર્ષિક ભરેલ આ પ્રશંગે અતિથિ વિશેષ કાનજીભાઈ ભર્યા ગાંધીધામ નગરપાલિકા પ્રમુખ તથા મોહનભાઈ ધારશી. અશોક મહેશ્વરી. સામજીભાઈ ટી આહિર .કાનજીભાઈ પટેલ. પંકજભાઈ ઠક્કર. બાબુભાઈ આહિર. મનોજભાઈ વેગડ. નરેન્દ્રસિહ જાડેજા. પ્રેમલાલવાણી. નંદલાલ ગોહિલ. વિગેરે મહેમાનો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા અને આ કાર્યક્રમ નુ સંચાલન ઈશા મંગતાણી અને રીટાબેન કેલા એ કરેયો હતો રોટરીયન હરેશ કેલા.એમ ડી દવે. વેલજી આહિર. જંખરાભાઇ આહિર. કમલકરમ ચંદાની. અલકેશમોદી શરીફ ખત્રી ઉપસ્થિત રહ્યા હતા.

ભુજ એલસીબીએ નાઈટ પેટ્રોલિંગમાં ભુજના કેમ્પ વિસ્તારમાંથી દારૂ પકડી પાડ્યો



ભુજ કચ્છ: ઈન્ચાર્જ પોલીસ ઈન્સપેકટર એમ.બી.ઔસુરાના માર્ગદર્શન હેઠળ એલ.સી.બી. સ્ટાફના માણસો ભુજ શહેર વિસ્તારમાં નાઈટ પેટ્રોલીંગમાં હતા.

પેટ્રોલીંગ દરમયાન કેમ્પ ચોકી પાસે આવતાં ખાનગી રાહે બાતમી મળેલ કે, અજય શંભુગર ગોસ્વામી, રહે.કુંભારવાડી મસ્જિદની બાજુમાં, ભુજવાળો પોતાના કબ્જાનાં મકાનમાં ગેરકાયદેસર રીતે ભારતીય બનાવટનો પરપ્રાંતિય ઈંગ્લીશ દારૂનો જથ્થો રાખી વેંચાણ કરે છે, અને હાલે તેની આ પ્રવૃતિ ચાલુમાં હોય તેવી ભરોસાપાત્ર હકીકત મળતાં તુરંત જ વર્કઆઉટ કરી બાતમીવાળી જગ્યા અજય શંભુગર ગૌસ્વામીના મકાને આવી રેડ કરતા સફેદ કલરના અલગ—અલગ પુંઠાના બોક્સમાં રોયલ સિક્રેટ વ્હીસ્કીની પ્લાસ્ટિકની ૭૫૦ એમ.એલ.ની કંમ્પની શીલબંધ બોટલ નંગ-૪૪ તથા ખાખી કલરના બે પુંઠાના બોકસમાં લોર્ડસ બ્લેન્ડેડ વ્હીસ્કી કાંચની ૭૫૦ એમ.એલ.ની કંમ્પની શીલબંધ બોટલ નંગ-૨૪ એમ કાંચ અને પ્લાસ્ટીકની કુલ બોટલો નંગ-૬૮, કિ.રૂા.૨૩,૮૦૦/- નો પ્રોહિનો મુદામાલ મળી આવતા આરોપી અજય શંભુગર ગૌસ્વામી, રહે.કુંભારવાડી મસ્જીદની બાજુમાં, કેમ્પ એરીયા, ભુજ વાળા વિરૂધ્ધ ભુજ શહેર બી ડીવીઝન પો.સ્ટે. કાયદેસરની કાર્યવાહી કરી ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે.

વેસુગામમાં પૈસાની લેતી-દેતી અંગે યુવક પર જીવલેણ હુમલો

યુવકને તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકાતા હાલત ગંભીર

સુરત

વેસુ ગામમાં એક યુવક ઉપર રૂપિયા લેતી-દેતી બાબતે તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી હત્યાની કોશિષનો બનાવ બન્યો હતો.

ઉમરા પોલીસ સૂત્રોના જણાવ્યા મુજબ આભવા ગામ દેસાઈ સ્ટ્રીટમાં રહેતા લખન દત્તાત્રેય વેસુ ડી.એમ.જે. હાઉસના પાર્કિંગમાં હતા, ત્યારે આરોપી વિવેક રાણેએ ધસી આવી રૂપિયાની લેતીદેતી બાબતે ઝઘડો કરી ફરિયાદી લખનને તિક્ષ્ણ હથિયારના ઘા ઝીંકી ગંભીર ઈજા પહોંચાડી હતી.

બનાવ સંદર્ભે ઉમરા પોલીસે ફરિયાદના આધારે ઈ.પી.કો. કલમ ૩૦૭, ૫૦૪, ૫૦૬(૨), ૧૩૫ મુજબનો ગુનો નોંધી પો.ઈન્સ્પે. કે.એ. ગડવીએ તપાસ હાથ ધરી છે.

રોડ સેફ્ટી એકેડમી સુરત દ્વારા ડ્રાઈવિંગ લાઈસન્સ ઝુંબેશ શરૂ

શાળા-કોલેજના વિદ્યાર્થીઓ માટે અભિયાન શરૂ કરાયું

સુરત

સામાન્ય નાગરિકોને ડ્રાઇવિંગ લાઈસન્સ મેળવવાની પ્રક્રિયા અંગે જાણકારી હોતી નથી. કેટલાક લેભાગુ તત્વો લોકોને ગેરમાર્ગે દોરી 'ડ્રાઇવિંગ લાઈસન્સ' કાઢી આપવાના બહાને છેતરપિંડી આચરતા હોય છે. લાયસન્સ વિના વાહન ચલાવવું એ દંડનીય અપરાધ છે. ખાસ કરીને, શાળા કોલેજોમાં ડ્રાઇવિંગ લાઈસન્સ વગર અભ્યાસ માટે આવતા વિદ્યાર્થીઓના પ્રવેશ પર પ્રતિબંધ છે, ત્યારે શહેરીજનો અને વિદ્યાર્થીઓની સહાયતા માટે રોડ સેફટી એકેડેમી,સૂરત દ્વારા શાળા કોલેજોના વિદ્યાર્થીઓ અને શહેરીજનો માટે 'માર્ગ સલામતી અને ડ્રાઇવિંગ લાઈસન્સ' અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે, જેમાં ૧૬ વર્ષ પૂર્ણ કરનાર વ્યક્તિને રોડ સેફટી એકેડેમી,સૂરત દ્વારા લર્નિંગ અને પરમેનન્ટ લાયસન્સ મેળવવા માટે જરૂરી દસ્તાવેજોની સમજ તેમજ આર.ટી.ઓ.માં પૂછાતા કોમ્પ્યુટર પરીક્ષાના થિયરી અને પ્રેક્ટિકલ અંગેના પ્રશ્નોથી માહિતગાર કરાશે.

ડ્રાઈવિંગ લાઈસન્સ માટે ઓનલાઈન અપોઈન્ટમેન્ટ ની પ્રક્રિયામાં વધુ સમય લાગતો હોવાથી શહેરીજનોએ વહેલા તે પહેલાના ધોરણે ચેરમેનશ્રી અશોક મનજી તેમજ ડિસ્ટ્રિક્ટ રોડ સેફટી કોર્ડિનેટર અને ટ્રેઈનર શ્રી બ્રિજેશ વર્મા, મો.૯૭૨૪૨ ૭૭૭૭૧ પર સંપર્ક સાધવા જણાવાયું છે. આ નિઃશુલ્ક અભિયાનમાં વિદ્યાર્થીઓ અને શહેરીજનો જોડાય તેવો અનુરોધ કરાયો છે.

તંત્રી સ્થાનેથી...

ચૂંટણી વેળા આઈપીએલ

આઈપીએલ-૧૨ની રોમાંચક શરૂઆત થઈ ચુકી છે. આગામી બે મહિના સુધી એટલે કે ૧૨મી મેના દિવસે ફાઈનલ મેચ રમાશે ત્યાં સુધી દેશમાં કરોડો ચાહકો આ મેચને લઈને ડુબેલા રહેશે. પરંતુ એક ખાસ બાબત એ પણ છે કે આ જ બે મહિનાના ગાળમાં લોકશાહીના સૌથી મોટા તહેવાર અટલે કે ભારતમાં સામાન્ય ચૂંટણી સાત તબક્કામાં પૂર્ણ થનાર છે. પહેલા તબક્કા માટે જાહેરનામુ જારી કરવામાં આવ્યુ છે. જેના માટે મતદાન ૧૧મ એપ્રિલના દિવસે કરવામાં આવનાર છે. ૧૯મી મે દિવસે છેલ્લા અને સાતમા તબક્કા માટે મતદાન થનાર છે. ૨૩મી મેના દિવસે મતગણતરી કરવામાં આવનાર છે. આઈપીએલના ઈતિહાસમાં પ્રથમ વખત એક સાથે મેચો અને ચૂંટણી યોજાઈ રહી છે. પ્રથમ વખત આ પ્રકારની સ્થિતી વર્ષ ૨૦૦૯માં સર્જાઈ હતી. પરંતુ એ વખતે વર્ષ ૨૦૦૮માં કરવામાં આવેલા ત્રાસવાદી હુમલા બાદ દેશની સુરક્ષા સંસ્થાઓ કોઈ પણ પ્રકારના જોખમ લેવા માટે તૈયાર ન હતી. આઈપીએલના ઈતિહાસમાં પ્રથમ વખત એક સાથે આયોજન કરવામાં આવતા આને લઈને કેટલાક રાજકીય પંડિતો તો સવાલ પણ કરી રહ્યા છે. વર્ષ ૨૦૦૯માં આઈપીએલનુ આયોજન આખરે આફ્રિકામાં કરવામાં આવ્યુ હતુ. વર્ષ ૨૦૧૪માં પણ આવી જ સ્થિતી સર્જાઈ ન હતી. કારણ કે આઈપીએલની આ સ્પર્ધા ભારત અને સંયુક્ત અરબ અમિરાત દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવ્યુ હતુ. શરૂઆતની ૨૦ મેચો યુએઈમાં રમાઈ હતી. જેના કારણે ચૂંટણી તારીખો ટકરાઈ ન હતી. જો કે આ વખતે સમગ્ર સ્પર્ધાનુ આયોજન દેશમાં જ કરવામાં આવી રહ્યુ છે. જોરદાર ગરમીના માહોલમાં દરરોજ લોકોને આ બાબત નક્કી કરવાની રહેશે કે તેઓ શહેર અને ટીવી પર જારી ચૂંટણી ચર્ચાને નિહાળ કે પછી સ્ટેડિયમ પર થનાર ચોગ્ગા છગ્ગાની રમઝટને નિહાળે. ક્રિકેટને કેટલાક ભારતીય લોકો સૌથી મોટા ધર્મ તરીકે ગણે છે. પરંતુ સરેરાશ ભારતીય હિન્દુસ્તાની રાજનીતિમાં પણ રસ ધરાવે છે. ખાસ કરીને આ વખતની ચૂંટણી મોદી સમર્થક વિરુદ્ધ મોદી વિરોધી તરીકે ગણવામાં આવી રહી છે. વર્ષ ૧૯૭૭ની ચૂંટણી તેમજ વર્ષ ૧૯૮૪માં ચૂંટણીને કોંગ્રેસ સમર્થક લહેરના કારણે ઓળખવામાં આવે છે. જેમાં ચૂંટણી પરિણામમાં એક પક્ષના તંબુ ઉખડી ગયા હતા. કોઈ એક તરફી માહોલ તો હાલમાં જોવામાં આવતો નથી પરંતુ જાહેર સ્થળો પર ચર્ચા ચોક્કસપણે જોવા મળે છે. સ્વાભાવિક છે કે ચૂંટણી પ્રચારની ગતિ તીવ્ર બની ગયા બાદ રાજકીય પારો વધશે. આવી સ્થિતીમાં ચૂંટણી માહોલ ક્રિકેટને કઈ રીતે અસર કરે છે તે બાબત ઉપયોગી રહેશે. નેતાઓ અને કાર્યકરોને મેચોના કારણે લોકો સુધી અને ખાસ કરીને યુવા પેઢી સુધી પહોંચવામાં મુશ્કેલી નડી શકે છે. હવામાન વિભાગે આગાહી કરતા કહ્યુ છે કે આ વખતે દેશમાં ગરમીનુ પ્રમાણ વધારે રહી શકે છે. જેથી આવી સ્થિતીમાં ચૂંટણી પ્રચાર અને અન્ય કામો પણ મોટા ભાગે સાંજે હાથ ધરવામાં આવનાર છે. આ જ ગાળામાં મેચો પણ રમાનાર છે. આવી સ્થિતીમાં રાજકીય પક્ષો માટે ચૂંટણી માહોલમાં લોકોને જોડવાની બાબત ખુબ મુશ્કેલરૂપ રહેનાર છે. જો કે રાજકીય પક્ષોના નેતાઓ આ બાબત સાથે સહમત નથી.

પ્રથમવાર આઈપીએલ ,દેશમાં સામાન્ય ચૂંટણીનુ એક સાથે આયોજન કરી દેવાયુ

મોદીને લીધે ભાજપની લીડ

વર્ષ ૨૦૧૪ની ચૂંટણીની વાત કરવામાં આવે તો ૨૦૦ સીટો પર ભારતીય જનતા પાર્ટીએ એક લાખ કરતા વધારે અંતરથી જીત હાંસલ કરી હતી. આટલા મોટા અંતરને કાપવા માટે નરેન્દ્ર મોદી સરકારની સામે એક પ્રચંડ લહેરની જરૂર છે. આવી સ્થિતીમાં મોદીને એજ વખતે હાર આપી શકાય છે જ્યારે કોઇ એક પાર્ટી એટલી તાકતવર બને કે તેને ચૂંટણી પડકાર ફેંકી શકે. અથવા તો કોઈ મજબુત ગઠબંધન કરવામાં સફળતા હાંસલ થઈ શકે. આ રીતે બંને સ્થિતી હાલમાં દેખાઈ રહી નથી. કોંગ્રેસ પાર્ટી તેના સાથી પક્ષો સાથે આશરે ૨૩ ટકા મત અને ૬૭ લોકસભા સીટની સાથે મેદાનમાં ઉતરી છે. તેના નેતૃત્વમાં કોઈ મોટા ગઠબંધનની રચના કરવામાં આવી શકી નથી. કોંગ્રેસ પાર્ટી માટે કેટલાક અંશે કોઈ ચમત્કારની જરૂર દેખાઈ રહી છે. ચૂંટણી પૂર્વે રહેલા આટલા મોટા અંતરને કાપવા માટે કોંગ્રેસ માટે ખુબ મુશ્કેલ છે. જો કોંગ્રેસ પાર્ટી ૨૦૧૪ના પોતાના ૧૯.૩૧ ટકા મતમાં પાંચ અથવા તો છ ટકા ઉમેરી પણ લે છે તો તે ૮૦થી ૯૦ સીટ સુધી જ પહોંચી શકે છે. તેની સામે અનેક પ્રકારના પડકારો રહેલા છે. નેતૃત્વની સ્પર્ધામાં તો મોદીની સામે કોઈ ચહેરો જ નથી. આની મનોવૈજ્ઞાનિક અસર શુ થઈ રહી હશે તેને લઈને કલ્પના કરવી મુશ્કેલ નથી. મુદ્દા અને દેશવ્યાપી વાતાવરણ પર નજર કરવામાં આવે તો પુલવામા હુમલા અને ત્યારબાદ ત્રાસવાદી કેમ્પોને ફુંકી મારવા માટે ભારતની વાઈ કાર્યવાહી બાદ જનભાવનાનો ઉપયોગ કરીને માહોલ ભાજપે પોતાની તરફેણમાં કરી લીધો છે. કોંગ્રેસી નેતા આના પર પ્રશ્નો ઉઠાવીને આત્મઘાતી ભૂમિકા અદા કરી રહ્યા છે. રાહુલ ગાંધીએ ચૌકીદાર ચોર હેના નારાને ચૂંટણી અભિયાનનો હિસ્સો બનાવ્યો હતો. મોદીએ યોજનાપૂર્વક મે ભી ચોકીદાર હુને એટલા પ્રભાવી રીતે રજૂ કરી ચુક્યા છે કે ટ્વીટર પર જોત જોતામાં દોઢ કરોડ લોકો તેને ટેગલાઈન બનાવી ચુક્યા છે. વર્ષ ૨૦૧૪માં ચાયવાલા અભિયાનની સામે આ વખતે નવી ઝુંબેશ છે. મોદીએ આક્રમક વ્યુહરચના અપનાવી છે. ભાજપે ચૂંટણીની જાહેરાત કરવામાં આવે તે પહેલા જ જનતાની સામે પ્રશ્ન કરી દીધો હતો કે આપને મજબુત સરકાર જોઈએ કે પછી મજબુર સરકારની જરૂર છે. વાયુ સેનાની કાર્યવાહીને ભાજપ મજબુત સરકારના દાખલા તરીકે રજૂ કરી રહી છે.

નિર્ણાયક રાજ્યોમાં કોંગ્રેસ પાસે સન્માનિત ગઠબંધન જ નથી જેથી...

ચૂંટણી : કોંગ્રેસની હાલત હજુ કફોડી

ચૂંટણી પહેલા રાજકીય ચિત્ર હવે સ્પષ્ટ થઈ રહ્યુ છે. ભાજપે એકબાજુ પોતાના નેતૃત્વમાં એનડીએમાં મોટા ભાગે રાજ્યોમાં બેઠકોની વહેંચણી કરી લેવલામાં સફળતા હાંસલ કરી લીધી છે. બીજી બાજુ કોંગ્રેસ તરફથી કોઈ મોટા ગઠબંધન કરવાની સંભાવના પર પૂર્ણ વિરામની સ્થિતી આવી ગઈ છે. ચૂંટણી અંગેનો ફેંસલો તો મુખ્ય રીતે અંકગણિતના આધાર પર થાય છે. જેનુ નિર્માણ કરવામાં નેતૃત્વ, ગઠબંધન, મુદ્દા, ઉમેદવારોની યાદી, સ્થાનિક મુદ્દાઓ અને દેશવ્યાપી માહોલની આમાં ભૂમિકા હોય છે. એનડીએ આજે એક સંગઠિત રાષ્ટ્રવ્યાપી સંગઠન તરીકે છે. તેની પાસે ચૂંટણીમાં ઉતરવા માટે ૨૦૧૪ સુધી આશરે ૩૫૦ લોકસભા સીટો અને ૪૧ ટકા મત હિસ્સેદારી છે.કોંગ્રેસ પાર્ટીની હાલત કફોડી દેખાઈ રહી છે. હાલમાં તો તેની સામે ઉત્તરપ્રદેશ, પશ્ચિમ બંગાળ અને આંધ્રપ્રદેશ જેવા ૧૪૭ સાંસદોવાળા રાજ્યોમાં પણ મોટા ભાગે પોતાના ઉમેદવાર ઉતારી દેવાની ફરજ પડી રહી છે. જ્યારે આ રાજ્યોમાં તો દરેક જગ્યા પર તેમના એકમો પણ સ્થાપિત કરવામાં આવ્યા નથી. આ ચૂંટણીમાં જે રાજ્યો ચાવીરૂપ ભૂમિકા અદા કરનાર છે તેમાં ઉત્તરપ્રદેશ, બિહાર, મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, ઓરિસ્સા, આસામ સામેલ છે. જેમાં માત્ર મહારાષ્ટ્રમાં જ તેની સન્માનિત સમજુતી થઈ શકી છે. અહીં પણ સમગ્ર અવધિ દરમિયાન મોદી સરકાર પર પ્રહારો કરનાર શિવસેના હવે ભાજપ સાથે જોડાણ કરી ચુકી છે. બિહારમાં દબાણ લાવીને કોંગ્રેસે અપેક્ષા કરતા વધારે સીટો મેળવી લીધી છે. પરંતુ



હકીકતમાં ગઠબંધનની સાથે ભાજપને ટક્કર આપવાની સ્થિતીમાં કોંગ્રેસ માત્ર કર્ણાટક, ઝારખંડ અને તમિળનાડુ જેવા રાજ્યોમાં રહેલી છે

અહીં એનડીએની સ્થિતી ખુબ મજબુત દેખાઈ રહી છે. ઓરિસ્સામાં બીજુ જનતા દળઅને કોંગ્રેસના અનેક નેતા ભાજપમાં સામેલ થઈ ચુક્યા છે. બંગાળમાં ભારતીય જનતા પાર્ટી મુખ્ય વિપક્ષ તરીકે છે. હકીકત એ છે કે ગઠબંધનની સો ભાજપને પડકાર ફેંકવાની સ્થિતીમાં કોંગ્રેસ ગણતરીના રાજ્યોમાં જ છે જેમાં કર્ણાટક, તમિળનાડુ અને ઝારખંડનો સમાવેશ થાય છે. વિપક્ષી દળો જો ગઠબંધન કરીને અથવા તો ગઠબંધન ન કરવાની સ્થિતીમાં પણ સાથે હોવાનો સંદેશો આપી શક્યા હોત તો મતદારોને અસર થઈ હોત. પરંતુ આ બાબત પણ શક્ય બની નથી. સ્થિતી આની બિલકુલ વિરુદ્ધ છે. ઉત્તરપ્રદેશમાં બુજન સમાજવાદી પાર્ટીના નેતા માયાવતી અને સમાજવાદી પાર્ટીના નેતા અખિલેશ જોરશોરથી જાહેરાત કરી રહ્યા છે કે કોંગ્રેસની સાથે તેમની કોઈ પણ જગ્યાએ કોઈ ગઠબંધનની સ્થિતી નથી. આવી જ રીતે વિપક્ષી એકતા સ્થાપિત કરવાના પ્રયાસ કરનાર ચન્દ્રબાબુ નાયડુ પણ આંધ્રપ્રદેશમાં એકલા હાથે મેદાનમાં ઉતર્યા છે. ગઠબંધનની વાત જ કરવામાં આવે તો જે રીતે ભાજપે પોતાની જીતેલી સીટો છોડીને સમજુતી કરી છે તેવી સમજુતી કોંગ્રેસ પાર્ટીને કરવામાં સફળતા મળી નથી. જે ત્રણ રાજ્યો મધ્યપ્રદેશ, રાજસ્થાન અને છત્તિસગઢમાં કોંગ્રેને સારા દેખાવની આશા છે ત્યાં પોતાના ચહીતાને ટિકિટ અપાવવાના નામ પર લડાઈ ચાલી રહી છે. આ રાજ્યોની ગણતરી પણ ખુબ રોમાંચક રહી છે. ચૂંટણીમાં હાલમાં વિધાનસભાની ચૂંટણીમાં હાર થઈ હોવા છતાં મત અનુસાર ભારતીય જનતા પાર્ટી મધ્યપ્રદેશમાં ૧૮ અને રાજસ્થાનમાં ૧૩ લોકસભા સીટ પર આગળ છે. માત્ર છત્તિસગઢમાં કોંગ્રેસની સ્થિતી સારી દેખાઈ રહી છે. ઉત્તરપ્રદેશ, દિલ્હ અને હરિયાણા જેવા રાજ્યોમાં તો ભારતીય જનતા પાર્ટીએ એકતરફી જીત મેળવી હતી. આ વખતે તેની સામે માત્ર ઉત્તરપ્રદેશમાં પડકારની સ્થિતી છે. છેલ્લી લોકસભા ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી ૪૨૮ સીટો પર મેદાનમાં ઉતરી હતી. તેને ૨૮૩ સીટો મળી હતી. આ વખતે ગઠબંધનના કારણે તે ઓછી સીટો પર મેદાનમાં છે. આવી સ્થિતીમાં તેને એકલા હાથે બહમતિ મળશે કે કેમ તેને લઈને પણ પ્રશ્નો છે.

૧૦મી મેના દિવસે બદ્રીનાથના કપાટ ખોલી દેવામાં આવનાર છે...

બદ્રીનાથમાં અનેક ફરવાની જગ્યા

આ વર્ષે મે મહિનામાં ૧૦મી તારીખના દિવસે વહેલી પરોઢે સવા ચાર વાગ્યે બદ્રીનાથના કપાટ અથવા તો દ્વાર શ્રદ્ધાળુઓ માટે ખોલી દેવામાં આવનાર છે. આની સાથે જ અહીં વિધિવત પુજા અને પાઠની શરૂઆત થઈ જશે. ભક્તજનો અને અન્ય લોકો ભગવાનના દર્શન કરી શકશે. આ વખતે જો બદ્રીનાથ જવા માટેની યોજના બનાવી રહ્યા છો તો કેટલીક બાબતોને ધ્યાનમાં લઈ શકાય છે. આસ્થાના કેન્દ્ર હોવાની સાથે સાથે બદ્રીનાથ પ્રકૃતિના સૌદર્ય સ્થાન તરીકે છે. અહીંની નૈસર્ગિક સુન્દરતા ભક્તોને આકર્ષિત કરે છે. અહીં સ્થિતી એ હોય છે કે જાણે કુદરત પોતે ગીત ગાય છે. અહીં આવ્યા બાદ ચાહકો અને શ્રદ્ધાળુઓ નીલકંડ, માણાગ્રામ, ભીમપુલ અને તપ્તકુંડના દર્શન કરી શકે છે. આ મંદિરની આસપાસની સુન્દરતા અભૂતપૂર્વ છે. સાથે સાથે હેરાન કરનાર નજરો પણ હોય છે. એકબાજુ પહાડીના શિખરો પર જામેલી થર હોય છે. જ્યારે બીજી બાજુ ઠંડા પાણીના સરોવર હોય છે. આની સાથે સાથે ગરમ પાણીના સ્ત્રોત પણ રહેલા છે. જે પ્રભુની મહિમાને દર્શાવે છે. બદ્રીનાથ ધામની આસપાસ સરોવરમાં નોકાયાનની મજા માણી શકાય છે. બદ્રીનાથની આસપાસ પુલ છે જેનુ નિર્માણ પાન્ડુ પુત્ર ભીમે કર્યુ હતુ. ધાર્મિક કથા એવી છે કે આ પુલ મારફતે જ પાંચેય પાન્ડો સશરીર સ્વર્ગમાં ગયા હતા. આજે સરસ્વતીના અસ્તિત્વને લઈને કેટલાક પ્રકારના પ્રશ્નો ઉઠે છે. પરંતુ દ્વાપરયુગમાં પાન્ડવના સ્વર્ગમાં પહોંચી ગયા બાદ આ બાબતની માહિતી મળી હતી કે સરસ્વતી નદીના સ્વરૂપમાં હતા. કથા એવી છે કે સરસ્વતી નદીએ પાંડવને સશરીર સ્વર્ગમાં જવા રસ્તો આપવાનો ઈન્કાર કર્યો હતો. જેથી ભીમે ત્યાં પુલનુ નિર્માણ કર્યુ હતુ. અહીં દેવ રિશી વ્યાસની ગુફા છે. જ્યાં તેઓએ વેદની રચના કરી હતી. ત્યાં બેસીને બુદ્ધીના દેવતા ગણપતિએ મહાભારતનુ લેખન કામ કર્યુ



બદ્રીનાથ આસ્થા અને પ્રકૃતિના મોટા કેન્દ્ર તરીકે છે : અહીંની નૈસર્ગિક સુન્દરતા તમામ શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓને આકર્ષિત કરી લે છે

હતુ. આ જ ગુફાની નજીક ગણપતિ ગુફા છે. જ્યાંથી સરસ્વતી નદીના દર્શન કરી શકાય છે. બદ્રીનાથ જતી વેળા ગરમ વસ્ત્રો સાથે રાખવાની જરૂર હોય છે. બદ્રીનાથમાં મોસમમાં ફેરફાર થવામાં વાર લાગતી નથી. વરસાદ પણ પડી શકે છે. એમ કહેવામાં આવે છે ક કેદારનાથના દર્શન કર્યા વગર જો બદરીનાથના દર્શન કરવામાં આવે તો આ યાત્રા અધુરી રહે છે. સાથે સાથે યાત્રાને સફળ પણ ગણવામાં આવતી નથી. દર વર્ષે ધામના દ્વારા અથવા તો કપાટ ખોલવા માટેની એક નિશ્ચિત અવધિ હોય છે. આ વર્ષે નવમી મેના દિવસ સવારે ૫.૩૫ વાગે કેદારનાથ મંદિરના દ્વારા ખોલી દેવામાં આવનાર છે. ખાસ બાબત એ છે કે આ દિવસે આદિ શંકરાચાર્યની જયંતિ છે. આ કારણસર આ દિવસને વધારે ભવ્ય રીતે મનાવવામાં આવનાર છે. નવમી મેના દિવસે કેદરાનાથ દ્વારા ખુલી ગયા બાદ ૧૦મી મેના દિવસે બદરીનાથના કપાટ ખોલી દેવામાં આવનાર છે. કેદારનાથમાં લાખોની સંખ્યામાં શ્રદ્ધાળુ પહોંચે છે. કેદારનાથમાં પહોંચી જવા માટે તમામ વિકલ્પ રહેલા છે. કેદારનાથમાં પહોંચવા માટે સરકાર દ્વારા યાત્રાને સરળ બનાવવા માટે પ્રયાસ કરવામાં આવે છે. કેદારનાથમાં પહોંચવા માટે માર્ગ, રેલવે અને હવાઈ માર્ગનો ઉપયોગ કરી શકાય છે. ભારતના તમામ મોટા શહેરોથી કેદારનાથ જવા માટે યાત્રા સુવિધા રહેલી છે. દિલ્હી, લખનૌ, ચંદીગઢ, નાગપુર, કાનપુર અને બેંગલોર જેવા શહેરોથી કેદારનાથ પહોંચી શકાય છે. માર્ગ મારફતે કેદારનાથ પહોંચવા માટે મે હરિદ્વાર-રિશિકેશ અને દહેરાદુનના રસ્તા પર જઈ શકો છો. અહીં અહીથી કેદારનાથ માટે કાપ અથવા તો જીપ બુક કરાવી શકાય છે. આ યાત્રાને પોતાની સુવિધા અનુસાર બનાવી શકાય છે. દિલ્હીથી રિશિકેપ અને હરિદ્વાર માટે દરેક અડધા કલાકમાં એક બસ રહેલી છે. અહીંથી બસ દ્વારા હરિદ્વાર આઠથી નવ કલાકમાં પહોંચી શકાય છે. કેદારનાથ માટે સૌથી નજીકમાં રેલવે સ્ટેશન રિશિકેશ અને દહેરાદુન છે. સાથે સાથે દેહરાદુનના જોલી ગ્રાન્ટ સૌથી નજીકના એરપોર્ટ તરીકે છે. કેદારનાથ ધામનુ ખાસ મહત્વ હોવાથી દર વર્ષે લાખોની શ્રદ્ધાળુઓ અહીં પહોંચે છે. કુદરતી નજારા પણ તમામ લોકોનુ ધ્યાન ખેંચે છે. આ વિસ્તારમાં બરફ વર્ષો પણ સામાન્ય રીતે થતી રહે છે. ફુલગુલાબી વાતાવરણ તમામનુ ધ્યાન ખેંચે છે. કેદારનાથ ધામમાં કુદરતી હોનારત વેળા થોડાક વર્ષો પહેલા ભારે નુકસાન થયુ હતુ. મોટી સંખ્યામાં લોકોના મોત થઈ ગયા હતા. જો કે હવે કેદારનાથ નજીક તમામ પ્રકારની સુવિધા ઉભી કરી દેવામાં આવી છે.

કૃષિ પર જળવાયુ પરિવર્તનનો હુમલો દેશ માટે પડકારરૂપ છે

ખેડુતને સામાજિક સુરક્ષા મળે તે જરૂરી

દેશના ખેડુતોને સામાજિક સુરક્ષા વધારે અસરકારક રીતે મળે તે દિશામાં પગલા લેવાની જરૂર દેખાઈ રહી છે. કૃષિ પર હાલના વર્ષોમાં જળવાયુ પરિવર્તનની માઠી અસર જોવા મળી રહી છે. કૃષિ પર જળવાયુ પરિવર્તનના હુમલા દેશ માટે એક મોટા પડકાર તરીકે છે. તેને કોઇ રીતે નકારી શકાય નહીં. સામાજિક સુરક્ષા યોજના ખેડુતો માટે હજુ અપુરતી સાબિત થઈ રહી છે. સરકાર દ્વારા જુદા જુદા ક્ષેત્રોમાં ખેડુતોની સ્થિતીને સુધારી દેવા માટેના તમામ પ્રયાસ કર્યા હોવા છતાં હજુ વધારે કામ કરવાની જરૂર છે. હાલમાં જારી કરવામાં આવેલા વૈશ્વિક ભુખમરા ઈન્ડેક્સ અથવા તો ગ્લોબલ હંગર ઈન્ડેક્સ રિપોર્ટ મુજબ ૧૧૯ દેશોમાં ભારત ૧૦૩માં સ્થાને છે. અમે બાંગ્લાદેશ, નેપાળ અને શ્રીલંકા તેમજ મ્યાનમાર કરતા પણ નીચે સ્થાને છીએ. પડોશી દેશોમાં અમે માત્ર પાકિસ્તાન અને અફઘાનિસ્તાન કરતા સારી સ્થિતીમાં દેખાઇ રહ્યા છીએ. આશ્ચર્યજનક બાબત એ છે કે ગરીબી નાબુદી માટે છેલ્લા કેટલાક વર્ષોમાં ઉલ્લેખનીય કામગીરી કરવામાં આવી હોવા છતાં સફળતા હાંસલ થઈ રહી નથી. ચોક્કસપણે કેટલીક બાબતો આત્મનિરિક્ષણની બાબતો છે. દેશમાં ગરીબી હટાવોના નારા ખુબ બની ચુક્યા છે. પરંતુ આશ્ચર્યજનક રીતે ગરીબોન સંખ્યામાં દિન પ્રતિદિન વધારો થતો ગયો છે. એવુ નથી કે સરકાર ગરીબીમાંથી લોકોને બહાર કાઢવા માટે પ્રયાસ કરી રહી નથી. પરંતુ સરકાર દ્વારા હજુ સુધી જે પ્રયાસ કરવામાં આવ્યા છે તે અપુરતા સાબિત થઈ રહ્યા છે. દેશમાં ગરીબી દર લગભગ છ વર્ષની અવધમાં ૫૫ ટકાથી ઘટીને ૨૮ ટકા સુધી નીચે પહોંચી ગયો છે. ગરીબીની



